


# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાથમિક શાળામાં વર્ગ સુશોભન અને કેમલ રાઈડિંગ યોજાયુ

ગાંધીનગરની એસ.જી.ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે તા. ૨૧મી જુલાઈ ૨૦૧૪ના રોજ ધોરણ-૧ના વિદ્યાર્થીઓ માટે કેમલ રાઈડિંગ અને ધોરણ-૨ થી ૪ ના વિદ્યાર્થીઓ માટે વર્ગ સુશોભનનો સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. શાળાના ધોરણ-૧ ના બાળકોને સવારે ઊંટલારીમાં બેસાડી શાળા કેમ્પસમાંથી બહાર સુધી એક ચક્કર લગાડવામાં આવ્યું હતું. શહેરના બાળકો ઊંટલારીની મઝા માણે અને આનંદ સાથે પશુ પ્રેમ કેળવી તે આશયથી કેમલ રાઈડિંગ યોજાયું હતું. આ સાથે ધો. ૨, ૩ અને ૪ ના વિદ્યાર્થીઓ માટે વર્ગ સુશોભનનો કાર્યક્રમ યોજાયો હતો. બાળકોએ પોતાના વર્ગને સુંદર રીતે સજાયો હતો. રંગીન કાગળો, રંગીન ચોક અને સુંદર ડિઝાઈન કરી બાળકોએ બ્લેક બોર્ડ, દીવાલો, બારણા સજાવ્યા હતા. બાળકોએ પોતાની સર્જન શક્તિ, કલા શક્તિનો ઉપયોગ કરી દરેક વર્ગખંડને સુશોભિત કર્યા હતા. શિક્ષકોએ આ બાબતે સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

શાળાના આચાર્યા મિલિ સિંહે તથા ડૉ. સોમાભાઈ પટેલે બાળકોની પ્રવૃત્તિને અને શિક્ષકોની સુંદર કામગીરીને બિરદાવી હતી તથા પ્રોત્સાહિત કરી આગળ વધવાની પ્રેરણા આપી હતી.

# ધ્યાનથી તમે કોઈ પણ સિદ્ધિ હાંસલ કરી શકો છો : દેવરાજભાઈ

## સાક્ષાત્કાર એ દરેક મનુષ્યનો અધિકાર છે : દેવરાજભાઈ : સંત ભોજલરામના સાતમા વંશજ દેવરાજભાઈની ગાંધીનગર સમાચાર સાથે ખાસ મુલાકાત

ગાંધીનગર, તા. ૨૨

'સાક્ષાત્કાર કરવો એ દરેક મનુષ્યનો અધિકાર છે.' આ કથન છે સૌરાષ્ટ્રની પવિત્ર ધરાના મહાન સંત શ્રી ભોજલરામના સાતમા વંશત દેવરાજભાઈના. આજે દેવરાજભાઈ ગાંધીનગરના મહેમાન બન્યા હતા. જેમણે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં કેટલીક અદ્‌ભુત વાતો કરી હતી.

દેવરાજભાઈએ બંગાળ, બિહાર અને હિમાચલ વગેરેમાં ખૂબ ભ્રમણ કર્યું છે અને વિવેકાનંદથી લઈને ઓશો, સોક્રેટીસ થી લઈને રામકૃષ્ણ પરમહંસ સુધીની મહાન વ્યક્તિઓના જીવન અને વિચારોનું વાંચન કર્યું છે. તેમણે કહ્યું હતું કે આટલા બધા વાંચન-ચિંતન પછી હુ એક તારણ પર આવ્યો છું કે પિતૃ જગત અવશ્ય હોય છે આથી તેની વિધિ કરાવવી, તર્પણ કરવું ખૂબજ જરૂરી બને છે. જો કે આ માટે તેમણે દંભી સાધુ-મહંતો અને પંડિતોથી ચેતતા રહેવાની સલાહ આપતા ઉમેર્યું હતું કે પિતૃ તર્પણ વિધિ માત્ર કરવા ખાતર કરવાનો કોઈ મતલબ નથી, વિધિ પિતૃઓ સુધી પહોંચે તે પણ એટલું જ જરૂરી છે. આ સાથે તેમણે ધૂણવાને અને ભૂત-ભૂવાને અંધશ્રદ્ધા ગણાવતા ધ્યાનને મહત્વ આપ્યું હતું અને ધ્યાનથી તમે કોઈપણ સિદ્ધિ પામી શકો છો, તેવી વાત કરી હતી. દેવરાજભાઈએ આત્માને ઓળખવા પર મહત્વ આપવા અને સંશોધન કરવા જણાવ્યું



(કશ્યપ નિમાવત)

હતું અને દરેક મનુષ્યને લઘુતાગ્રંથીની પીડાથી મુક્ત થવા ધ્યાનનો માર્ગ જ શ્રેષ્ઠ હોવાથી અપનાવવા પર ભાર મુક્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૯૫૦માં ૧૪મી ઓગષ્ટે જન્મેલા દેવરાજભાઈએ ૧૯૬૯ થઈ રાજકોટના મવડી ગામને પરિવાર સહિત પોતાનું રહેઠાણ બનાવ્યું છે. ૩ ભાઈ અને ૩ બહેનો સાથે કાળી મજુરી કરી ઘર ચલાવતા પિતા માવજીભાઈના પડોશી અને પરમ મિત્ર એવા જાદવજીભાઈએ તેમને દત્તક લીધા હતા. રાજકોટમાં જ મનોવિજ્ઞાન વિષયમાં ગ્રેજ્યુએશન કરનાર દેવરાજભાઈએ ૧૯૭૫માં એલએલબી થયા અને ૧૯૮૧માં લગ્નગ્રંથિથી જોડાયા. કમનસીબે આ લગ્નનો માત્ર ૩૧ દિવસમાં જ અંત આવી ગયો અને પત્નિથી છુટા પડી ગયા. હાલમાં પણ દેવરાજભાઈ ખેતિવાડીના વ્યવસાયથી જોડાયેલા છે અને ધ્યાન અંગે લોકોને જાગૃત કરી અંધશ્રદ્ધા વહેમ દૂર કરી સાથે ભૂવા-દોરા-ધાગાથી બચવા સમજાવી રહ્યા છે.

# મહીલા કોચને મોબાઈલ પર બિભત્સ મેસેજ સામે ફરિયાદ

## સે-૭ પોલીસે નંબરના આધારે તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૨૨

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનલોજીએ મોબાઈલ અને કોમ્પ્યુટર સહીતના ઉપકરણોની ભેટ ધરી છે. પરંતુ સમય જતા મોબાઈલ મેનયાક બનતી યુવા પેઢી તેનો દુરુપયોગ કરવા તરફ દોરાતા તંદુરસ્ત સમાજજીવન સામે પણ પ્રશ્નાર્થ સર્જાય તેવી સ્થિતિ ઉદભવી છે. શહેરના વી.આઈ.પી. વિસ્તારમાં રહેતા એક મહીલા કોચને કોઈ ઈસમે મોબાઈલમાં બિભત્સ એસ.એમ.એસ. મોકલતા આ મામલો સ્થાનિક પોલીસ મથકે પહોંચ્યો છે. સે-૭ પોલીસે મહિલા કોચની ફરિયાદને લઈ મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી છે.

શહેરની શાળા કોલેજો આસપાસ રોમિયોગીરીને ડામવા પોલીસ તંત્ર દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જયારે આવા કિસ્સામાં મોબાઈલનો પણ દુરુપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી રહી છે ત્યારે મોબાઈલ ફોનના દુરુપયોગને લીધે પણ છેડતી જેવા બનાવો ધ્યાને આવી રહ્યા છે. શહેરના વીઆઈપી વિસ્તારમાંરહેતા એક મહિલા કોચને કોઈ ઈસમે બિભત્સ એસ.એમ.એસ. મોકલતા મહીલાએ આ ઈસમ વિરૂધ્ધ સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે મહીલાના મોબાઈલ સ્ક્રીન પરથી એસ.એમ.એસ. મોકલનારનો નંબર જાણી તપાસ માટે તજવીજ હાથ ધરી છે.

# ઠગાઈમાં સામેલ મુંબઈની બે મહિલા આખરે ઝડપાઈ

અમદાવાદ, તા.૨૨

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાંથી બે મહિલાઓની કારંજ પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. ગયા મહિને નોંધવામાં આવેલા ૩૨ લાખની છેતરપિંડીના કેસના સંબંધમાં સંડોવણી બદલ તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદ આકરી પુછપરછ ચાલી રહી છે. ડીઆરઆઈના અધિકારીઓ તરીકે પોતાની ઓળખ આપવામાં આવી રહી હતી.

તપાસ અધિકારીઓનું કહેવું છે કે, આ મહિલાઓ લોકોને જુદા જુદા લાલચ આપીને ઠગાઈ કરી રહી હતી. કારંજ પોલીસના જણાવ્યા મુજબ કેટલીક નવી વિગત સપાટી ઉપર આવે તેવી શક્યતા છે. આ લોકો પોતાની ઓળખ રેવેન્યુ ઈન્ટેલીજન્સના અધિકારી તરીકે આપતા હતા અને ચીજવસ્તુઓની ચકાસણી કરતા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે, હાલમાં આ પ્રકારની બોગસ ટીમો સક્રિય થયેલી છે જેથી લોકોને સાવધાન રહેવાની જરૂર છે. બેંકમાંથી નાણા ઉપાડી લેવા માટે પણ ટોળકીઓ સક્રિય થઈ છે.



કોમ્યુનીટી હોલ સેક્ટર-૭ ખાતે કેરાલીયન 'નાયર' સમાજના ગાંધીનગર વોર્ડનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે પ્રાર્થનાથી શુભ શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ગણેશવંદના તેમજ કેરાલીય નૃત્યોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમનાં અંતમાં રાષ્ટ્રીયગાન સાથે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી કૃષ્ણાકુમાર નાયર, શ્રી ગોપીનાથ, શ્રી જયેશ મેનન દ્વારા દિપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કર્યું હતું. આ ઉપરાંત નાયર વેલફર અને કલ્ચરલ એસોસીએશનનાં પ્રમુખ શ્રી કે.એસ. રામક્રીશ્નન, ઉપપ્રમુખ વી.આર. નાયર, જોઈન્ટ સેક્રેટરી શ્રી કુટ્ટી અને ખજાનચી રવીકુમાર સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. જ્યારે આભારવિધિ સેક્રેટરી શ્રી ટી.કે. પીલ્લઈએ કરી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# પ્રતિનિયુકતીથી સમાવિષ્ટ મહિલા કર્મચારીને મંત્રીશ્રીના હુકમથી પુનઃ બદલી

ગાંધીનગર, તા. ૨૨

સચિવાલયના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કેટલીક વાર તેમની વગનો દુરૂપયોગ કરી મંત્રી સુદ્ધા પાસે અન્ય કર્મચારીઓની હેરાનગતિ પહોંચે તેવા હુકમો કરાવાય છે તેવો એક કિસ્સો હાલ કર્મચારી જગતમાં ચર્ચાસ્પદ બન્યો છે.

જિલ્લા પંચાયતમાં પ્રતિનિયુક્તિથી ખાલી પડેલી જગ્યા પર બદલી પામેલ એક મહિલા કર્મચારીને હજુ માંડ 'સેટ' થવાની કોશીષ કરી રહ્યા હતા ત્યારે માત્ર ગણતરીની મિનિટોમાં જ મંત્રીશ્રીના હુકમથી ભુજ ખાતે બદલી આપી દેવામાં આવતા કર્મચારીની સ્થિતિ કફોડી બની જવા પામી છે. આ બદલીનો હુકમ સચિવાલયમાં ફરજ બજાવતા એક ઉચ્ચ અધિકારીની મંત્રીશ્રીને આ મહિલા વિરૂદ્ધ કરાયેલી કાનભંભેરણી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બનાવની વિગતો એવી છે કે આ મહિલા કર્મચારી મૂળે દક્ષિણ ગુજરાતના એક જિલ્લાના વતની છે અને તેઓ ભુજ ખાતે જિલ્લા પંચાયતમાં ફરજ બજાવતા હતા. વતનથી ખૂબ દૂર હોવાથી તેમને સામાજિક જીવનમાં પડી રહેલી અગવડોને કારણે તેમણે ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તિના ધોરણે બદલી માટે અરજી કરી હતી. ગાંધીનગરમાં જગ્યા ખાલી પડતા આ કર્મચારીને પ્રતિનિયુક્તિથી જિલ્લા પંચાયતમાં સમાવવા ઓર્ડર આપવામાં આવ્યો હતો.

હજુ તો કર્મચારી આ ફરજ પર સેટ થાય તે પહેલા તો ગણતરીના સમયમાં જ મંત્રીશ્રીના હુકમથી પુનઃ ભુજ ખાતે બદલી કરી દેવાનો ઓર્ડર અપાતા આ મહિલા કર્મચારી માનસિક રીતે પડી ભાંગ્યા હતા. એવું કહેવાય છે કે આ મહિલા કર્મચારીના જ એક સગા જેઓ સચિવાલયમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. તેમણે કિન્નાખોરી રાખીને મંત્રીશ્રીની કાન ભંભેરણી કરી હતી. આ કારણે મંત્રીશ્રીએ તાત્કાલિક હુકમથી પ્રતિનિયુક્તી મેળવેલ મહિલા કર્મચારીને પુનઃ ભુજ ખાતે બદલી કરી દેવાતા કર્મચારી આલમમાં ચકચાર મચી જવા પામી છે. આ રીતે મંત્રીશ્રી દ્વારા એક પ્રતિનિયુક્તીથી ખાલી જગ્યા પર બદલી મેળવેલ કર્મચારીને ફરીથી જૂની જગ્યાએ બદલીનો હુકમ કેટલે અંશે વ્યાજબી છે તે બાબત સચિવાલય અને જિલ્લા પંચાયતમાં ભારે ચર્ચાનો વિષય બની જવા પામી હતી.

# યોગાર્ચનમ્ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ઘ-૪ સર્કલે તા. ૨૧મી જુન 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી યોગાર્ચનમ્ કેન્દ્ર દ્વારા સવારે ૬ થી ૮ કલાકે કરવામાં આવી હતી. આ ઉજવણીમાં યોગાર્ચનમ્ કેન્દ્રના સ્થાપક નિહારિકા રાવલ સહિત શહેરના અગ્રગણ્ય વ્યકિતઓ હાજર રહ્યા હતા.

યુનો દ્વારા તા. ૨૧મી જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે આ દિવસ વર્ષનો સૌથી લાંબો દિવસ પણ છે. આજથી અંદાજે પાંચેક હજાર વર્ષ પહેલા વિશ્વને ભારતીય સંસ્કૃતિએ 'યોગ' નામની અપ્રિતમ વૈજ્ઞાનિક ભેટ આપી હતી. દરેક વ્યકિતનું મન અને શરીર સ્વસ્થ હોય તો સ્વસ્થ સમાજનું નિર્માણ સહજ રીતે કરી શકાય છે અને સ્વસ્થ રહેવા માટે યોગ જીવનમાં ખુબ જ અગત્યનો ભાગ ભજવી શકે છે.

વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વહેલી સવારે ગાંધીનગરના યોગાર્ચનમ્ કેન્દ્રના સ્થાપક નિહારિકા રાવલ, ડાયરેકટર વિરલભાઈ રાવલ સહિત અનેક અગ્રગણ્ય નાગરિકો અને નગરજનો હાજર રહ્યા હતા. આ ઉજવણીમાં લગભગ બે કલાક સુધી યોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું.



લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે ઈ.વી.એમ. મશીનમાં ગોટાળા કરી બન્નેની મિલિભગત કરવામાં આવી છે. બહુજન મુક્તિ પાર્ટી દ્વારા આજે દેશના ૨૯ રાજ્યના ૫૩૫ જિલ્લાઓમાં એક સાથે ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના સેક્ટર-૬ના મેદાનમાં પાર્ટી દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો હતો. ત્યારાબાદ કાર્યકરો દ્વારા કલેક્ટર કચેરીએ ચૂંટણીમાં ગોટાળાને લઈ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. (કશ્યપ નિમાવત)

# ડાક અદાલતમાં શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા રજુઆતો કરાઈ

## સે-૭ની પોસ્ટ ઓફિસમાં જગ્યા વધારવા અને સિનિયર સિટિઝન્સને બેસવાની વ્યવસ્થા કરવા માંગ : બિલ કલેકશન માટે અલગ કાઉન્ટર કરવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસમાં તા. ૧૯મી જુને ડાક અદાલત યોજાઈ હતી. આ ડાક અદાલતમાં શહેરની જાગૃત નાગરિક પરિષદ દ્વારા કેટલાક અગત્યના મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. જેમાં દરેક પોષ્ટ ઓફિસમાં સિનિયર સિટિઝન્સને બેસવા માટે યોગ્ય વ્યવસ્થાની માંગણીનો પણ સમાવેશ થાય છે.

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આ ડાક અદાલતમાં હાલ સે-૭ની પોસ્ટ ઓફિસ જે કાર્યરત છે ત્યાં જગ્યા અપૂરતી હોવાથી તેમજ કામનો બોજ પણ વધુ હોવાથી નાગરિકોને ખૂબ હાલાકી ભોગવવી પડે છે તે માટે યોગ્ય વ્યસ્થા કરવા રજૂઆત કરાઈ હતી. સે-૭ની પોષ્ટઓફિસમાં જગ્યા વધારવા બાબતે જો સરકારને કોઈ રજૂઆત કરવામાં આવી હોય તો તેની નકલ પરિષદને આપવા માંગ કરી હતી જેથી પરિષદ દ્વારા પણ તેને અનુમોદન અંગે કાર્યવાહી કરી શકાય. આ ઉપરાંત પોષ્ટકાર્ડ, કવર, ટેલિફોન બિલ અને ગેસબિલ વગેરે માટે એક કાઉન્ટર હોવાથી તે વધારવા માટે માગણી કરાઈ હતી જેથી સિનિયર સિટિઝન્સને વધુ સમય ઉભા ન રહેવું પડે તેમજ તેમને માટે બેસવાની વ્યવસ્થા પણ કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સમગ્ર રજૂઆતો કરવા સંસ્થાના પ્રમુખ લવજીભાઈ વાડીયા અને મહામંત્રી નિરંજન ઓઝા ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦
હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦
હોલીડે : ૭.૦૦
હમશકલ : ૧૦.૦૦
સ્ક્રીન-૪ :
હમશકલ : ૧૦.૦૦
મછલી જલ કી રાની હૈ : ૪.૦૦
ફગલી : ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
હમશકલ : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : બુદ્ધિથી મુશ્કેલીઓ દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. વાસુદ્વ લક્ષ્મીશંકર પંડ્યા (ઉ.વ. ૭૬) પ્લોટ નં. ૪૫૫, ગોકુલ સોસાયટી, સેક્ટર-૮બી, ગાંધીનગર.
- સ્વ. કસ્તુરબેન કાનજીભાઈ ગોહિલ (ઉ.વ. ૧૦૦) ૫, સમર્પણ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. મેનાબેન શકરાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૦) મુ. આદીવાડા, સેક્ટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. ઠાકોર જીવણજી જુગાજી (ઉ.વ. ૫૫) મોટી આદરજ, તા.જી. ગાંધીનગર.